વોકહાર્ટમાં કામદારના પત્નીનું થાપાની સફળ સર્જરી કરતા ડો. મહેતા

રાજકોટ તા.૩ : એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલનું તાજેતરમાં કામદાર રાજય વિમાયોજના (ઇએસઆઇસી) સાથે ટાઇ-અપ થતાં આ સુવિધાનો કામદારો લાભ લેતા થયા છે.તાજેતરમાં ધ્રાંગધ્રા કેમિકલ વર્કસ-ધ્રાંગધ્રાના એક કામદારના પત્નિ શ્રીમતિ કંચનબેન મિયાત્રા (ઉ.વ.૫૪)ના ડાબી બાજુના થાપાનો ગોળો ઘસાઇ ગયેલ હોય તેઓ છેલ્લા આઠ વર્ષથી બેસી કે ચાલી શકતા નહોતા તેને કારણે તેમના થાપાનું ઓપરેશન કરવું અત્યંત જરૂરી હતુ. તાજેતરમાં એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલનું કામદાર રાજય વિમા યોજના સાથે ટાઇ-અપ થયેલ હોઇ થાપાના ગોળાની સારવાર માટે રાજકોટની એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ થયેલ હતા. હોસ્પિટલના જોઇન્ટ રીપ્લેશમેન્ટ સર્જન ડો.રૂપેશ મહેતાની સલાહ મુજબ શ્રીમતી કંચનબેનના ઘસાઇ ગયેલ થાપાનો સાંધો બદલાવી નવો આર્ટીફીશ્યલ સાંધો (અનસીમેન્ટેડ) સર્જરી કરી ફીટ કરવામાં ડો.રૂપેશ મહેતા સફળ થયા હતા. કામદાર રાજય વિમા યોજના હેઠળ હોસ્પિટલનું ટાઇ-અપ હોઇ એક પણ પૈસાના ખર્ચ વિના (કેશ લેસ) આ ઓપરેશન કરવામાં આવેલ હતુ. જેના કારણે દર્દીના સગા-સંબંધીઓએ ખુબજ રાહતની લાગણી અનુભવેલ હતી.(૧.૩૨)

ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિરે ગુરૂપૂર્ણિમાં ઉત્સવ

ધ્યાન, ગુરૂપૂજન, સન્યાસ દિક્ષા મહોત્સવ, ગીત-સંગીત સહિતના કાર્યક્રમો

રાજકોટ, તા. ૩ : આગામી તા. ૭ જુલાઇને મંગળવારના રોજ ગુરૂપૂર્ણિમા નિમિત્તે રાજકોટમાં આવેલ ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિર મવડી રોડ રેલ્વે ફાટક પાસે, વૈદવાડી, રાજકોટ (મો.૯૪૨૭૨ ૫૪૨૭૬) ખાતે એક દિવસીય ગુરૂ પૂર્ણિમા ઉત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેનુ સંચાલન સ્વામિ જીન સ્વરૂપસરસ્વતી કરશે. કાર્યક્રમ આ પ્રમાણે છે. સવારે ૬-૦૦ થી ૭-૦૦ સક્રિય ધ્યાન, ૭-૩૦ થી ૮-૩૦ ચા-નાસ્તો, ૯-૦૦ થી ૧૦-૦૦ નિષ્ક્રીય ધ્યાન, ૧૦-૦૦ થી ૧૧-૦૦ ગુરૂપજન, ૧૧-૦૦ થી ૧-૦૦ ઓશોના વિવિધ ધ્યાન પ્રયોગો, બપોરે ૧-૦૦થી ૩-૦૦ પ્રસાદ (હરિહર) વિશ્રામ, બપોરે ૩-૦૦ થી ૮-૩૦ ઓશો ધ્યાન પ્રયોગ, સંધ્યા ધ્યાન, ગુરૂપૂજન, ગુરૂ પૂર્ણિમા ઉત્સવ તેમજ સન્યાસ દિક્ષા મહોત્સવ, ૮-૩૦ મહાપ્રસાદ તથા ૯-૩૦ કલાકે ભૂલે-બીસરે ગીત-સંગીત કાર્યક્રમ જેનું સંચાલન રાજુભાઇ કવૈયા (શ્રી દેવ) કરશે. ઉપરોક્ત ગુરૂ પૂર્ણિમા ઉત્સવમાં સહભાગી થવા ઓશો સંન્યાસી પ્રેમીઓને સ્વામિ સત્ય પ્રકાશ તથા સ્વામિ જીવન પ્રહલાદે હાર્દિક અનુરોધ કરેલ છે. ઉત્સવમાં સહભાગી થવા આપનું નામ તા. ૬ જુલાઇ સોમવાર સુધીમાં ઓશો ધ્યાન મંદિર પર રજીસ્ટર કરાવવું અત્યંત જરૂરી છે.

ગુરૂ પરતાપ સાધ કી સંગતી

અનંત અનંત સમય પછી કોઇક સદ્‌ગુરૂ થાય છે. સિદ્ધાંતો ઘણા હોય છે સદ્‌ગુરૂ બહુ જ થોડા સિદ્ધ તે જે સત્યને જાણ્યા, સદ્‌ગુરૂ તે જેણે જાણ્યુ નહીં પણ જણાવ્યું, સિદ્ધ તે કે જેમણે પોતે પામ્યા પણ વહેંચી ના શક્યા, સદ્‌ગુરૂ તે જેમણે મેળવ્યું અને બાટયું, સિદ્ધ પોતે તો પરમાત્માના સાગરમાં લિન થઇ જાય છે. પરંતુ તે જે મનુષ્યને ભટકતી ભીડની અજ્ઞાનતા, અંધકારતા, અંધવિશ્વાસમાંથી બહાર નથી કાઢી શકતા સિદ્ધ તો એવા છે જાણે નાના માછીમારની હોડી જેમાં બસ એક જ માણસ બેસી શકે છે સિદ્ધનું જ્ઞાન હિનયાન છે તેમા બેની સવારી નથી થઇ શકતી. તે એકલા જ જાય છે. સદ્‌ગુરૂનું યાન મહાયાન છે તે મોટી નાવ છે તેમાં બધા જ સમાય શકે છે. જેનામાં પણ સાહસ છે તે બધા તેમા સમાય શકે છે. એક સદ્‌ગુરૂ અનંત માટે દ્વાર બની જાય છે સિદ્ધ તો ખૂબ હોય છે. સદ્‌ગુરૂ બહુ ઓછા અને સદ્‌ગુરૂ હોય તો અવસર ચુકસો નહીં, પછી સદ્‌ગુરૂ કોઇપણ હોય ગુલાલ હોય, કબીર હોય કે નાનક, મનસુર હોય રાબિયા કે જલાલઉદ્દીન કાંઇ ફર્ક નથી પડતો સદ્‌ગુરૂનું નામ જ અલગ છે તેમનો સ્વર એક તેમનુ સંગીત એક તેમની પુકાર એક તેમનું આહ્‌વાન એક જ તેમની ભાષા અનેક હશે તેમને એક ભાવ એક જેમણે એક સદ્‌ગુરૂને ઓળખ્યા તેમણે બધા જ સદ્‌ગુરૂને ઓળખ્યા ભૂતકાળના, વર્તમાનના, ભવિષ્યના સદ્‌ગુરૂમાં સમયનો ભેદ રહેતો નથી જે પહેલા થઇ ગયા તે પણ તેમા મોજુદ હોય છે. જે અત્યારે છે તે પણ મોજુદ હોય છે, જે ક્યારેક બનશે તે પણ તેમાં મોજુદ હોય છે. સદ્‌ગુરૂ શુધ્ધ પ્રકાશ હોય છે જેમની પર કોઇપણ અંધકારની સીમા હોતી નથી.

જે સદ્‌ગુરૂના ચરણમાં જુકે છે તેમને માટે બારણા ખુલવા લાગે છે નમ્યા વિના તે દરવાજા ખુલતા નથી, જે અડકાય છે તેમને માટે પણ દ્વાર ખુલતુ નથી. અહંકાર માણસને આંધળો કરી દે છે, વિનમ્રતા તેમને આંખ આપે છે, જે વિચારે છે હું છું તેટલો જ તે પરમાત્માથી દૂર થઇ જાય છે. જે જેટલું જાણે છે હું નથી તેટલો જ તે પરમાત્માની નજીક જવા લાગે છે, આ કિનારા પર પહેલા કિનારાની તો ખબર નથી આપી શકતા જે પહેલા કિનારે પહોંચી ગયા છે સિદ્ધ પણ તે કિનારે પહોંચે છે પરંતુ તે પાછા ફરતા નથી તે ગયા એટલે ગયા જૈન અને બૌદ્ધ શાસ્ત્રમાં તેમને અરહંત કહેવાય છે તે ખબર આપવા પણ પાછા ફરતા નથી ડુબ્યા એટલે ડુબ્યા તે પાછા કિનારે નથી આવતા અને જે પહેલા કિનારાની ખબર આ કિનારે લાવે છે તેમને બૌદ્ધોને બૌધિસત્વ કહ્યા અને જૈનો એ તિર્થંકરો કહ્યા તેમની કરૂણા અપાર છે. સત્ય અપૂર્વ આનંદ છોડીને બધુ મહાસુખ છોડીને જયાં કમળને કમળ ખીલેલા છે શાશ્વતાના છોડીને જે પાછા આવે છે અને આ કિનારાના કાંટા ભરેલા કિનારા પર જે પાછળ ભટકતા આવે છે તેમને ખબર આપે છે તે સદ્‌ગુરૂ છે.

તે સદ્‌ગુરૂ સાથે તમે એક પગલું પણ ચાલી શકો તો જીવનમાં પૂનમ આવી જાય, આમ તો અમાસ અને પૂર્ણિમા વચ્ચે ૧૫ દિવસનો તફાવત હોય છે, પરંતુ હું જે અમાસ અને પૂર્ણિમાની વાત કરૂ છું તેમા તો બસ એક જ કદમનો ફર્ક છે સમર્પણ એટલે પૂર્ણિમા અહંકાર એટલે અમાસ બધુ જ તમારા ઉપર આધાર રાખે છે. પોતાને જ જો પકડીને બેસી રહેશો તડપતા જ રહેશો, ભટકતા જ રહેશો, અને પછી રાતનો કોઇ અંત જ નથી અથવા જો કોઇ કયાંય સદ્‌ગુરૂ મળે તો ચરણ પકડી લેવા જયાં પ્રેમ ઉભરે જયા શ્રધ્ધા જાગે તો સાહસ કરવું દુ:સાહસ કરવું જોખમ ઉઠાવવું જુકી જવું. કારણ કે ત્યાં જુકી જવામાં જ જીત છે મટી જવું કારણ કે ત્યાં મટી જવામાં જ હોવાનુ અસ્તિત્વ છે.(૫-૨૦)

સ્વામી સત્ય પ્રકાશ
મો. ૯૪૨૭૨ ૫૪૨૭૬
સ્વામિ જીવન પ્રહલાદ
મો. ૯૩૭૪૮ ૮૬૫૯૬

GPSC વર્ગ-1 અને 2 નાં ફાઇનલ ઇન્ટરવ્યુ માટેનું ચિત્ર ફરી ધૂંધળું થયું!

હાઇકોર્ટમાં થયેલી રીટનો આખરી ચુકાદો ન આવ્યો: મંગળવારની તારીખ પડી

રાજકોટ તા. ૩; ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા અગાઉ નકકી કરાયા પ્રમાણે તા. ૨૦ જુલાઇ ૨૦૦૯ થી ૧૨ નવેમ્બર ૨૦૦૯ દરમ્યાન વર્ગ-૧ અને ૨ નાં ફાઇનલ ઇન્ટરવ્યું લેવા માટેનું ચિત્ર ફરી એકવાર ધુંધળુ બની ગયું છે અને આ ઇન્ટરવ્યું માટેની નવી તારીખ હવે પછી જાહેર કરાશે તેવું આજે GPSCના ઇન્કવાયરી કાઉન્ટર પરથી જાણવા મળે છે.

આધારભૂત રીતે જાણવા મળતી વિગતો પ્રમાણે ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ GPSC દ્વારા જાહેર કરાયેલ મુખ્ય પરીક્ષાના પરિણામ બાબતે મુખ્ય પરીક્ષામાં બેસનાર અમુક વિદ્યાર્થીઓએ અસંતોષનાં ભાગરૂપે હાઇકોર્ટનો આશરો લીધો હતો. જેમાં મુખ્ય પરીક્ષામાં GPSC દ્વારા અપનાવાયેલ સ્કેલીંગ પદ્ધતિ, મુખ્ય પરીક્ષામાં ગુજરાતી અને સંસ્કૃત વિષયો સંદર્ભે, ક્રિમિલેયર બાબતે તથા અમુક વિદ્યાર્થીઓને ચોકકસ કારણોસર ફાઇનલ ઇન્ટરવ્યુ માટે ગેરલાયક ઠરાવવા બાબતે નામદાર હાઇકોર્ટ પાસે ન્યાયની માંગણી કરતી રીટ કરવામાં આવી હતી.

જે સંદર્ભે ગઇકાલ તા. ૨ જુલાઇનાં રોજ બંને પક્ષકારોને નામદાર કોર્ટે બોલાવ્યા હતો અને દલીલો સાંભળી હતી. પરંતુ ગઇકાલે આખરી ચુકાદો ન આવતા હવે પછીનાં આવતા મંગળવારે હાઇકોર્ટે ફરી પાછા બંને પક્ષકારોને હાજર રહેવા ફરમાન કર્યુ છે.

GPSCએ કોઇપણ ઉમેદવારને ફાઇનલ ઇન્ટરવ્યુ લેતાં પહેલાં ઓછામાં ઓછા ૨૧ દિવસો પહેલાં કોલ લેટર મોકલવાનો નિયમ હોવાની વાત છે ત્યારે હવે જો મંગળવારે GPSC ની તરફેણમાં નામદાર કોર્ટનો ચુકાદો આવે તો પણ તા. ૨૦ જુલાઇ પહેલાં સૌ પ્રથમ ઇન્ટરવ્યું આપનાર ઉમેદવારને કોલલેટર ન પહોંચી રહે જે હકીકત છે.

સૌ પ્રથમ ૨૦૦૬માં વર્ગ-૧ અને ૨ ની જાહેરાત સંદર્ભે સમગ્ર ગુજરાતમાંથી સવા લાખ જેટલી અરજીમાંથી ત્રણ વર્ષ પછી ફાઇનલ ઇન્ટરવ્યું માટે પસંદ થયેલા ૧૦૯૦ ઉમેદવારોમાં પણ હાલ GPSC પ્રત્યે થોડો ઘણો અસંતોષ દેખાય છે. કારણ કે GPSC ને હાઇકોર્ટમાં થયેલી રીટ બાબતે બધીજ જાણકારી હોય જ અને તો પછી આજથી આશરે એક મહિના પહેલા જ જે તે ઉમેદવારને તેનાં ઇન્ટરવ્યુની ચોકકસ તારીખ આપી દીધી જેને કારણે ઘણા બધા ઉમેદવારોએ પોતાની સર્વિસ-બિઝનેસ વિગેરે કપાત પગારે અને ઓછી આવકે સેટ કરીને તથા પોતાની ફેમીલી લાઇફથી પણ દૂર જઇને ત્રણેક મહિના માટે GPSCનાં ફાઇનલ ઇન્ટરવ્યુંની તનતોડ મહેનત શરૂ કરી દીધી હતી.

જો કે હવે દરેક ઉમેદવાર એક આશા રાખીને બેઠો છે કે વહેલામાં વહેલી તકે પોતાનું ઇન્ટરવ્યું લેવાય જાય અને ૩૧૭ ઉમેદવારોનાં ફાઇનલ સિલેકશનમાં પોતાનું નામ આવી જાય.

ભરવામાંઆવનારી ૩૧૭જગ્યાઓમાંવર્ગ૧ માટે ડી.વાય.એસ.પી. અને ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રાર તથા વર્ગ-૨ માટે મામલતદાર, તાલુકા ડેવલપમેન્ટ ઓફિસર, સેકશન ઓફિસર સરકારી શ્રમ અધિકારી, ડીસ્ટ્રીકટ ઇન્સ્પેકટર ઓફ લેન્ડ રેકોર્ડ, આસીસ્ટન્ટ ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રાર સહિતની સતા અને મોભાવાળી પોસ્ટનો સમાવેશ થાય છે.આ ૩૧૭ જગ્યાઓમાંથી એકપણ જગ્યા ખાલી ન જાય અને બધીજ જગ્યાઓ ભરાય જાય તેના માટે પણ રાજયપાલશ્રી મુખ્યમંત્રીશ્રી ચીફ સેક્રેટરીશ્રી GAD અને GPSC ને પણ અગાઉ રજુઆત સમગ્ર ગુજરાતનાં ઉમેદવારોએ કરી છે. જેથી આવડી મોટી જાહેરાતનો હેતુ વર્ષો પછી સાર્થક થાય. (૪.૨૮)

શહેર કોંગ્રેસ દ્વારા પાણી માટે હવન યજ્ઞ

ભાજપના નેતાઓને સદ્‌બુધ્ધિ આપવા માટે કરાશે શાસ્ત્રોકવિધી

રાજકોટ તા. ૩ : પાણીના પ્રશ્ને મહાનગર પાલિકાના તંત્રવાહકો તથા શાસક પક્ષના પદાધિકારીશ્રીઓ સદંતર નિષ્ફળ જતાં હવે માત્ર કુદરત - ઇશ્વરનો એ આશરો છે. આથી શહેર કોંગ્રેસ દ્વારા મેઘરાજાને વિનવણી કરવા ભવ્ય હવન કુંડનું આયોજન કરવામાં આવેલ.

'પ્રભુ, મેઘ...દે' શિર્ષક અંતર્ગત આવતીકાલે શનિવાર તા. ૪ના રોજ સાંજે ૫ કલાકે ત્રિકોણ બાગ ખાતે ઢેબરભાઇની પ્રતિમા પટાંગણમાં સુક્કી ધરતીને રસતબોળ કરવા માટે ભવ્ય હવનકુંડનું પ્રજાકીય કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આ અંગે શહેર કોંગ્રેસના પ્રમુખ જશવંતસિંહ ભટ્ટીએ કાર્યક્રમની વિગતો ટાંકતા જણાવ્યું છે કે, શહેરની પ્રજાની પાણી પુરૂં પાડવામાં કોર્પોરેશન સાવ વામણું સાબીત થયેલ છે. તંત્રના બહેરા કાને સમસ્યાની વાત પહોંચે તે માટે રેલીઓ, આવેદનપત્રો, ધરણાંઓ કર્યા હોવા છતાં નિંભર તંત્ર જાગતું નથી.

તેમના જણાવ્યા મુજબ ભાજપનો શાસકપક્ષ ભ્રામક આંકડાઓ આપે છે પ્રજાથી મોઢું સંતાડે છે. ભાજપના મોટા ગજાના નેતાઓ અત:ધ્યાન થઇ ગયા છે. પ્રજાને સાવ નોધારી મુકીને ભાજપના આગેવાનો ગોત્યા જડતાં નથી. 'હવન કુંડ' કાર્યક્રમમાં કોંગ્રેસના સાંસદ શ્રી કુંવરજીભાઇ બાવળીયા સહિત ભુદેવો, શાસ્ત્રીઓ, તજજ્ઞો, શહેર કોંગ્રેસના આગેવાનો, પદાધિકારીઓ, યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઇ., મહિલા કોંગ્રેસ, ઓ.બી.સી. વિભાગ, અનુસુચિત જાતિ, સેવાદળ, વિવિધ પાંખના વડાઓ, તમામ વોર્ડના પ્રમુખશ્રીઓ, મહિલાઓ, ગૃહિણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે તેવું પ્રવકતા અઝીઝ ઇબ્રાહીમએ જણાવ્યું છે.(૨૧.૩૬)

પ્રજાપતિ સમાજની રામેશ્વર યાત્રાને વ્યાપક પ્રતિસાદ

૨૧ દિવસમાં ૧૧૦૦ ટિકિટોનું રજીસ્ટ્રેશન પૂર્ણ

રાજકોટ તા. ૩ : પ્રજાપતિ સમાજનાં ઉપક્રમે આગામી તા. ૧૭મીનાં દક્ષિણ ભારતનાં પ્રસિધ્ધ તિર્થધામ રામેશ્વર ખાતે ધ્વજારોહણ ધર્મોત્સવ અને સાથોસાથ દક્ષિણભારતનાં તિર્થધામ યાત્રા માટે સૌરાષ્ટ્ર-કચ્છ ઇંટ ઉત્પાદક સંઘનાં નેજા હેઠળ સૌરાષ્ટ્રમાંથી ૧૧૦૦ પ્રજાપતિ યાત્રિઓ માટે રામેશ્વર જવા-આવવા સ્પે. ટ્રેનનું આયોજન કરાયેલ હતું. ઇંટ ઉત્પાદક સંઘનાં સ્પે. ટ્રેનનાં આયોજનને પ્રજાપતિ જ્ઞાતિજનો તરફથી જબ્બર પ્રતિસાદ સાંપડેલ છે.

ઇંટ ઉત્પાદક સંઘ દ્વારા રામેશ્વર સહિતનાં ભારતનાં તીર્થધામોનું યાત્રા માટેની સ્પે. ટ્રેનની ટીકીટોનું રજીસ્ટ્રેશનની કામગીરી ફકત ૨૧ દિવસના ટૂંકા સમયમાં જ પૂરી થઇ ચૂકી હોવાનું અને તમામ ટીકીટોનું રજીસ્ટ્રેશન પૂર્ણ થતાં ગઇકાલથી જ ટીકીટ રજીસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હોવાનું ઇંટ ઉત્પાદક સંઘનાં પ્રોજેકટ કન્વીનર કરશનભાઇ ઉપરા, મહેન્દ્રભાઇ મચ્છોયા અને જગદીશભાઇ ઉપરાએ જણાવેલ છે.(૨૧.૩૩)

રવિવારે યુનિવર્સિટીના નિવૃત્ત કર્મચારીઓની રીકવરી અંગે બેઠક

રાજકોટ તા. ૩ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિવૃત્ત બિનશૈક્ષણિક કર્મચારીઓ કે જેઓના કિસ્સામાં યુનિવર્સિટીએ રીકવરી કરેલ છે તેવા કર્મચારીઓએ તેમની ડુપ્લીકેટ સર્વિસ બુક, પે-ફીકસેશનના બધા જ ઓર્ડરો તથા રીકવરી સ્ટેટમેન્ટની નકલ સાથે તા. ૫ જુલાઇને રવિવારના રોજ સવારના ૧૦.૩૦ કલાકે, તલાટીયા કેટરર્સ, કાઠીયાવાડ જીમખાના રોડ, રાજકોટ ખાતે હાજર રહેવા માનદ મંત્રી ઉપેન્દ્રભાઇ પંડયાની એક યાદીમાં જણાવાયુંછે.(૨૧.૩૩)

મંગળવારે ગુરૂપૂર્ણિમાઃ ગુરૂ મહિમા ગુંજશે

રાજકોટ, તા. ૩ : અંધકારમય જીવનને જ્ઞાનની જયોતથી પ્રકાશમય બનાવી દયે તેવા સમર્થ ગુરૂને બંધન કરવાનો અવસર એટલે ગુરૂપૂર્ણિમાં!

આગામી તા. ૭ના મંગળવારે ગુરૂપૂર્ણિમા હોય શહેરભરમાં વિવિધ ધાર્મિક સ્થળોએ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ગુરૂપૂજન-સત્સંગના અનેકવિધ આયોજનો થયા છે જેની સંકલિત વિગતો અહીં પ્રસ્તુત છે.

ગાયત્રી સ્વાધ્યાય પરિવાર

ગાયત્રી સ્વાધ્યાય પરિવાર, રાજકોટ શાખા દ્વારા તા. ૭ના ગુરૂપૂર્ણિમાં નિમિત્તે ગુરૂ પૂજન સાથે ગાયત્રી મંત્રના ૨૪ કલાકના અખંડ જાપ સવારે ૬થી બીજા દિવસે તા. ૮ના બુધવારે સવારે ૬ સુધી રાખવામાં આવેલ છે. અખંડ જાપની પૂર્ણાહુતિ બાદ તા. ૮ના બુધવારે સવારે ૮થી ૧૨, સામૂહિક ગાયત્રી યજ્ઞનું આયોજન દિપક પારેખ, ૧-ગોપાલનગર, બુટ ભવાની કૃપા ખાતે રાખેલ છે. ભાવિકોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા વિનંતી કરાઇ છે.

ગીતા વિદ્યાલય

જંકશન પ્લોટ ખાતે આવેલ, મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલયમા તા. ૭ના મંગળવારે સાંજે ૬ વાગ્યે ગુરૂપૂર્ણિમાં મહોત્સવ ઉજવાશે. જેમાં ઉનાળુ છાશ કેન્દ્રના સ્વયં સેવકોનું સન્માન થશે. ગીતા વિદ્યાલયની બાલિકાઓ સરસ્વતી વંદન પર નૃત્યની કૃતિ તથા શિવ સ્તુતી આધારીત નૃત્યનો દર્શનીય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરશે.

સામૂહિક ગીતા પાઠ થશે. ભગવદ્‌ ગીતા, શ્રીકૃષ્ણ પરમાત્મા, સદ્‌ગુરૂ દેવશ્રીનું પૂજન, અર્ચન, મહાસંકિર્તન થશે. ભાવિકોને ગુરૂ પૂર્ણિમા મહોત્સવમાં ઉપસ્થિત રહેવા યાદીમાં જણાવાયું છે.

સદ્‌ગુરૂધામ ન્યારામાં અનેરી ધામધૂમ

ગુરૂપૂજન-રામધૂન-રકતદાન કેમ્પ-મહાપ્રસાદનું આયોજન



રાજકોટ તા.૩ : પૂજય ગુરૂદેવના સ્વમુખે આશીર્વાદરૂપે બોલાયેલા શબ્દોને ચીર્થાત કરવા સદ્‌ગુરૂ ધ્યાન મંદિર ટ્રસ્ટ, ન્યારા આશ્રમ ઉપર ગુરૂદેવની અનન્ય કૃપા દ્રષ્ટી હોય તથા પૂજય ગુરૂદેવવશ્રી હરીચરણદાસજી બાપુના આશીર્વાદથી આજે ન્યારા લીલા લહેર છે. ન્યારાના ટ્રસ્ટીના પુરૂષાર્થ તથા સદ્‌ગુરૂ પરિવારના ભાઇઓ તથા બહેનોના સાથ સહકારથી આજે શ્રી સદ્‌ગુરૂદેવની વાણી ફળીભૂત થતી દ્રષ્ટીગોચર થાય છે, વર્ષદરમીયાન અનેક પ્રવૃતિથી ધમધમતા આશ્રમમાં હજારોની સંખ્યામાં શીષ્ય પરિવારના ભાઇઓ તથા બહેનો પૂજય શ્રી ગુરૂદેવની તપોભુમી ન્યારા દર્શનાર્થે આવે છે. પૂજય ગુરૂદેવની પ્રથમ તસ્વીર ૧૯૨૫ના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

ન્યારા પધારતા ગુરૂભાઇની સગવડ માટે હાલ (૮) એટેચ રૂમ તથા (૭) સાદારૂમ (સંતકુટીર), (૧૫૦૦ ફુટ સત્સંગ હોલ), (૧૨૦૦ ફુટ ભોજનાલય હોલ) વીગેરે હોવા છતા દર્શનાર્થીઓની વધુ સગડતા માટે બીજા (૩) રૂમ તથા અન્ય જરૂરી સુવિધાનું બાંધકામ ગુરૂપુર્ણીમાના પવિત્ર દિવસે શુભ આરંભ થશે.

આગામી પવિત્ર પુરૂષોતમ માસ વૈશાખ સુદ ૪ તારીખઃ ૧૮-૪-૨૦૧૦થી ૨૫-૪-૨૦૧૦ સુધી પૂજય ગુરૂદેવ શ્રી રણછોડદાસજી બાપુના મુખ્ય યજમાન પદે એક ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવાનું નીરધારેલ છે. શાસ્ત્ર મર્મજ્ઞ ભાગવત કથાકાર શ્રી આસ્તીકભાઇ શંકરલાલ જોષીના મુખે સંગીતમય કથાનું રસપાન કરવુ તે પણ એક લહાવ છે.

પૂ.ગુરૂદેવ શ્રી હરિચરણદાસજીબાપુની અમી દ્રષ્ટી તથા સતત વરસતા આશીર્વાદથી તા.૭ના મંગળવારે અસંખ્ય ગુરૂભાઇઓ તથા બહેનોની હાજરીમાં ગુરૂપુર્ણીમા મહોત્સવ ધામેધૂમે ઉજવાશે, દરરોજ પક્ષીઓને (ચણ), ભુખ્યાને ભોજન તથા આવનાર યાત્રીકોને રહેવા તથા પ્રસાદની સુવિધા ગુરૂપુર્ણીમાના મહોત્સવ નીમીતે શ્રી રઘુવીર મીલન પરિવાર ટ્રસ્ટ દ્વારા પટેલ ફિલ્ડ માર્શલ બ્લડ બેંકના સહયોગથી એક રકતદાન કેમ્પનું આયોજન કરેલ છે. મંગળા આરતી સવારે ૬.૩૦ કલાકક, પાદુકા પુજન સવારે ૯ કલાકે ઉત્સવ આરતી બપોરે ૧૧ કલાકે સંધ્યા આરતી, સાંજે ૭.૩૦ કલાકે તથા રામધનની રમઝટ વચ્ચે મહપ્રસાદ બપોરે ૧૨ થી ૩ કલાકે આયોજન કરવામાં આવેલ છે. તથા ધુપદિપ તથા ગંગાજળથી પવિત્ર થયેલ રક્ષાદોરી વિતરણ કરવામાં આવશે.

જયાપાર્વતીના બહેનો માટે પ્રસાદની અલાયદી વ્યવસ્થા રાખવામાં આવેલ છે, પાદુકાના દર્શનનો લાભ સવારથી શયન સુધી રહેશે. આવા ઐતીહાસીક તેમજ પૂજય ગુરૂદેવની સ્મૃતિ સંકળાયેલા હોય તથા પૂજય ગુરૂદેવના સ્વપ્ને સાકાર થયેલ નીહાળવાનું પુનીત પગલા પાવન થયેલ. તપોભુમીને આંગણે પધારવાનું તેમજ મહાપ્રસાદનો લાભભલેવા આયોજક તરફથી આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે ન્યારા જવા માટે ત્રિકોણબાગથી રાજ સીટી બસની સુવિધા પણ ઉપલબ્ધ છે.(૬.૧૬)

ભકિતધામ મંદિરે ૧૫ કુંડી ગાયત્રીયજ્ઞ

તા. ૭મી જુલાઇના ગુરૂપૂર્ણિમા નિમિતે ૧૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન શ્રી પંચવટી માનવ કલ્યાણ ટ્રસ્ટ ઉપક્રમે કરવામાં આવેલ છે જે ભાઇ-બહેનોને આ કાર્યક્રમમાં લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ ભકિતધામ મંદિર કાર્યાલય ના સમય દરમ્યાન પોતાના નામ નોંધાવી જવા જણાવાયું છે.

આસારામજી આશ્રમે પૂજન-ધ્યાન-સંકિર્તન

આસારામજી આશ્રમમાં ગુરૂપૂર્ણિમાં ઉત્સવ નિમિતે તા. ૭ના સંતશ્રી આસારામજી આશ્રમ, ન્યારી ડેમ પાસે, કાલાવડ રોડ, ખાતે ગુરૂ પાદુકા, પૂજન, જપ, ધ્યાન, સંકિર્તન, ગુરૂકુળના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને બટુક ભોજન તથા બધા ભાઇ બહેનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. પૂજય બાપુ દ્વારા પ્રજવલિત અખંડ જયોતના ગુરૂ પુનમ ઉપર દર્શન થઇ શકશે. સર્વે ભાઇ-બહેનોને પધારવા અને વધુ વિગત માટે ફોનઃ ૨૭૮૩૩૫૪ ઉપર સંપર્ક કરવા જણાવેલ છે.(૬.૧૬)

રતનપરમાં મહેશ્વરી માતાજી ટ્રસ્ટ દ્વારા ગુરૂપુર્ણીમા ઉત્સવનું આયોજન

રાજકોટ તા.૩ : સાંગાણીનગર મહેશ્વરીનગર, રતનપર-મોરબી રોડ ખાતે આવેલ શ્રી મહેશ્વરી માતાજી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વૃદ્ધાશ્રમમાં તા.૭ના મંગળવારે ગુરૂપુર્ણીમા મહોત્સવમાં ધામધૂમથી ઉજવાશે. સવારે ૮ વાગ્યે ગુરૂપૂજનથી વિવિધ કાર્યક્રમો શરૂ થશે. બપોરે મહાપ્રસાદ અને સાંજે ૫ વાગ્યા બાદ ગીતગુર્જરી સોસાયટી એરોડ્રામ રોડ, શેરી નં.૮-બી નીલકંઠ મહાદેવની બાજુમાં, માતાજી દર્શનનો લાભ આપશે. ઉલ્લેખનીય છે કે મહેશ્વરી માતાજી ટ્રસ્ટ દ્વારા વૃદ્ધાશ્રમમાં ભાગવત કથા, ગૌશાળા, પક્ષીઓને ચણ, છાશ કેન્દ્ર, વૃક્ષારોપણ, સત્સંગ પ્રવૃતિઓ અવિરત થઇ રહી છે.(૧.૩૩)

ઇન્નર સ્ટ્રેન્થ ફાઉન્ડેશન દ્વારા રવિવારે ગુરૂપૂજનનો કાર્યક્રમ

રાજકોટ તા.૩ : શિવયોગમાં પૌરાણીક ભારતીય સીદ્ધોની સાધના શિખવતા ઇનર સ્ટ્રેન્થ ફાઉન્ડેશનના પ્રણેતા પૂ.અવધૂતબાબા શિવાનંદીની પાદુકા પૂજન સાથે ગુરૂપુર્ણીમા ઉત્સવ રાજકોટમાં તા.૫ના રવિવારે સાંજે ૬.૩૦ થી ગણાત્રાવાડી તાર ઓફિસ પાછળ, જયુબેલી બાગ સામેની શેરીમાં રાખેલ છે. બાબા ગુરૂપુર્ણીમાના દિવસે અમદાવાદ આવનાર હોય તેમના દર્શનનો લાભ લેવા જતા સાધક શિષ્યોની અનુકળતા ખાતર રાજકોટમાં એડવાન્સમાં ગુરૂપુર્ણીમા ઉત્સવ મનાવવા આયોજન કરાયુ હોવાનું ઇન્નર સ્ટ્રેન્થ ફાઉન્ડેશનના સત્સંગી શિરિષ કે.ગણાત્રાની યાદીમાં જણાવયુ છે. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં ગણાત્રાવાડી ખાતે નિયમિત રીતે દર રવિવારે સવારે ૮ થી ૧૦ દિવ્ય સત્સંગ થાય છે.(૬.૧૬)

માન્યતા પ્રાપ્ત ન હોય તેવા યુનિયનોના ભ્રામક પ્રચારથી સાવધ રહેજોઃ BSNL એમ્પ્લો. યુનિયન

રાજકોટ તા. ૩; બીએસએનએલમાં 'કોડ ઓફ ડિસીપ્લીન'ના રૂલીંગ કાયદા મુજબ જે યુનિયનને સમગ્ર ભારત લેવલે સૌથી વધુ મતો મળે તે 'એકજ યુનિયનને' માન્યતા પ્રાપ્ત યુનિયનો દરજજો આપવામાં આવે છે. તથા વાટાઘાટો કરવાના અધિકારો આપવામાં આવે છે. છેલ્લી ત્રણ ટર્મ થયા એકમાત્ર બીએસએનએલ એમ્પ્લોઇઝ યુનિયન 'માન્યતા પ્રાપ્ત યુનિયનનો' દરજજો-બ્રાંચ ડિસ્ટ્રીકટ સર્કલ તથા સી.એચ.કયુ. લેવલે ધરાવે છે. જેમાં રાષ્ટ્રીય સેક્રેટરી શ્રી નામ્બુદ્રી છે તથા આ યુનિયનને ટ્રેડ યુનિયન એકટ હેઠળ તમામ અધિકારો મળેલ છે તથા હાલમાં વેઇઝ રીવીઝન અંગે વાટાઘાટો પણ ચાલી રહી છે તથા ફાઇનલ તબકકામાં છે. ગઇકાલે સેક્રેટરી ડોટ ન્યુ દિલ્હી દ્વારા ચાર પ્રમોશનને મંજુરી મળેલ છે તથા કર્મચારીઓને ૬ પગાર ઘરભાડા ભથ્થું નવા મુજબ મળી ગયેલ છે. ૧૦ વર્ષમાંથી ૫ વર્ષનો સમય ગાળો ૩૦ ટકા વેઇટેન્ડ વર્કસ અંગે વાટાઘાટો ચાલુ જ છે. છતાં અમાન્ય યુનિયનો ફકત કર્મચારીઓને ગેરમાર્ગે દોરવા તથા સસ્તી લોકપ્રિયતા પ્રાપ્ત કરવા માટે અવારનવાર વર્તમાનપત્રોમાં પ્રેસનોટ આપી કર્મચારીઓને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તથા બીએસએનએલના કોડ ઓફ ડીસીપ્લીનનો ભંગ કરી રહ્યા છે. આ બાબતે ડિસી પ્લીનરી એકશનની જોગવાઇ પણ છે. બીએસએનએલના તમામ કર્મચારીઓએ કોઇપણ જાતના ગેરપ્રચારમાં દોરવાઇ ન જવા શ્રી નામ્બુદ્રી જનરલ સેક્રેટરી એમ. કે. દવે સર્કલ સેક્રેટરી એન. કે. ત્રિવેદી, અશોક હિન્ડોચા, પ્રદિપ ઠકકરની યાદીમાં જણાવાયું છે. (૪.૩૦)

ચાતુર્માસ મહિમા પ્રાસંગિક

આજથી આરંભાતા ચાતુર્માસને આંતરખોજનું પર્વ બનાવીએ

આજરોજ દેવશયની એકાદશી છે. ભારતીય સંસ્કૃતિમાં આ દિવસને તપ-વ્રત અને આધ્યાત્મિક જ્ઞાનના અનુષ્ઠાન માટેના પ્રારંભનો ગણાવ્યો છે આજના દિવસે વિવિધ મંદિરોમાં પૂ. સંતો હાથમાં જળ લેવડાવી વિવિધ તપ-વ્રતના નિયમો લેવડાવે છે. દેવશયની એકાદશીશી દેવ ઉઠી એકાદશી સુધી સતત ચાર મહિનાને આપણાં મહાન ઋષીવર્યો અને આચાર્યોએ પ્રેરક અને પવિત્ર પર્વો-ઉત્સવોથી એવી રીતે ગુંથી લીધો છે કે જાણે એ જ સમગ્ર વર્ષની ભકિતની વસંત બનીને મધમધી ઉઠે છે.

અષાઢ માસ બેસે-ચાતુર્માસનો પ્રારંભ થાય, આકાશમાં વાદળો છવાય, ધીમે-ધીમે આકાશ પરથી મેહુલો ધરતી પર ઉતરે અને ધરતી લીલી છમ્મ થઇ જાય. ધરતી સુજલામ, સુફલામ થઇ જાય, સશ્યશામલમ્‌ થઇ જાય અને આવા અનેરા ભૌતિક નવપલ્લવિત જગતની સાથે એક આંતરિક વિશ્વ પણ નવપલ્લવિત થાય છે. ચાતુર્માસમાં ભકિતના વિવિધ સ્વરૂપો નિખરી ઉઠે છે.

પ્રતિવર્ષ આવતો ચાતુર્માસ જૈન-સ્વામિનારાયણ અને ખાસ વૈષ્ણવ સંપ્રદાય જેવા અસંખ્ય પંથોમાં એક ભકિતની મોસમ લઇને-ઉત્સવોનો ઉપહાર લઇને આવે છે દિવ્ય દર્શનના આનંદને લઇને આવે છે.

આ ઉત્સવો અને તેનાં મર્મ-મહિમાને જોશું તો જણાશે કે તે મોજમજાનાં સાધનો નથી અહીં તો પ્રત્યેક પર્વ જાણે અપૂર્વ આંતરખોજની અદ્‌ભૂત યાત્રા કરાવે છે. આજે ઉત્સવોમાં દૂષણો -પ્રદુષણો વધ્યો છે ત્યારે ચાતુર્માસમાં ઉત્સવોનો મર્મ અને મહિમા દ્રઢ કરીને પુનઃ આપણી અસલ પરંપરાની તરફ વળીએ પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજ તેથી જ દરેક પર્વ-ઉત્સવને જીવનનું અંગ બનાવવા કહેછે .

ચાતુર્માસમાં આવતા ઉત્સવો :-

દેવશયની એકાદશી -ચાતુર્માસનો પ્રારંભ (તા. ૩-૭-૦૯) ગોપદ્મ વ્રત, ગુરૂપૂર્ણિમા, હિંડોળા ઉત્સવ, શ્રાવણ-ભકિતનો માસ, નાગપંચમી, પવિત્રા એકાદશી, રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશચતુર્થી, જલઝીલણી એકાદશી, પ્રૌષ્ઠપદી પૂર્ણિમા, વિજયાદશમી, શરદ પૂર્ણિમા, દિવાળી-શારદાપૂજન, અન્નકૂટ ઉત્સવ, પ્રબોધિની એકાદશી-દેવ ઉઠી એકાદશી-નિર્જળા ઉપવાસ કરી ચાતુર્માસ પૂર્ણ કરવો. તા. ૨૯-૧૦-૦૯.

બી.એ.પી.એસ. દ્વારા ચાતુર્માસના નિયમો



બી.એ.પી.એસ.ના લાખો ભકતો પ.પુ઼ પ્રમુખ સ્વામી મહારાજની આજ્ઞાથી નીચે દર્શાવ્યા વિશેષ ચાતુર્માસનો નિયમો ગ્રહણ કરી ભકિત અદા કરશે. (૧) એક માસ ધારણા પારણાં ચાંદ્રભણ વ્રત, એકટાણા કરવા (૨) શ્રધ્ધા પ્રમાણે વિશેષ માળા, દંડવત્ત, પ્રદિક્ષિણા અધિક કરવા (૩) એક વચનામૃત-સ્વામીની પાંચ વાતોનું વિશેષ વાંચન કરવું (૪) આ પર્વમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જીવન ચરિત્ર, પુરૂષોત્તમ બોલ્યા પ્રીતે ગ્રંથનો પાઠ કરવો (૫) પ્રમુખ સ્વામી મહારાજની અમૃતવાણી સંપૂટ-૧૩ નું શ્રવણ અને (૬) પાંચ જણને સત્સંગી કરી સત્સંગ સભા-ઘરસભા કરવાનો પ્રયત્ન કરવો.

- દિનેશ ઓ. ટાંક
૯૪૨૯૦૪૪૪૪૮

ચક્ષુદાનની ૯૫ ટકા આંખો ફેઇલ જાય છે

ઇન્ડિયન મેડિકલ એસો.નો ઘટસ્ફોટ ★ ડો.રાજેશ લાલાણી કહે છે, સરકાર યોગ્ય પગલા નહિ લે તો અમે કાનૂની જંગ ખેલીશુ ★ બેદરકારો સામે કડક પગલા જરૂરી

રાજકોટ તા.૩ : ચક્ષુદાનના યોગ્ય ઉપયોગ માટે યોગ્ય નિષ્ણાંતો, યોગ્ય આંખની બેંકો, યોગ્ય ટ્રાન્સપોર્ટેશનનું સક્ષમ નેટવર્ક જરૂરી છે. અત્યારના ચક્ષુદાનની ૯૫ ટકા આંઓ નકામી જાય છે. આ અંગે સરકારે ડેટા જાહેર કરવા જોઇએ કે કેટલી આંખો ઉપયોગી થઇ ? લોકોની લાગણી સાચવવા માટે સરકારી હોસ્પિટલો આવી બીનઉપયોગી આંખોના પાર્સલ સ્વીકારતી હોય છે. આરોગ્ય ક્ષેત્રે મોટા પ્રમાણ લેભાગુ સંસ્થાઓ માત્ર પ્રચાર કરવાના હેતુ અને ફંડ ફાળો કરવા માટે તબીબી ક્ષેત્રે સાધન બનાવી દીધુ છે. સેમ્પલો ભેગા કરીને આટલા દિવસ પાછી આંખની હોસ્પિટલ સુધી પહોંચવાથી કોઇ ફાયદો થતો નથી. જો સરકાર આ અક્ષમ્ય બેદરકારી માટે કાનૂની પગલા નહી લે તો ઇન્ડિયન મેડિકલ એસોસીએશન ફરિયાદ નોંધાવશે. આવી બેદરકાર અને નિષ્ણાંતો વગરની સંસ્થાઓ ઉપર ત્વરીત પ્રતિબંધ મુકી દેવાની માંગણી ડો.લાલાણીએ કરી છે.

ચેપી રોગોના કારણે જેવા કે કમળો, એઇડ્‌સ, આંખના રસી કે અન્ય ઇન્ફેકશનવાળા દર્દીઓની આંખો લઇ શકાતી નથી. મોટી ઉંમરના તેમજ જામરના દર્દીનો પણ આંખ ઉપયોગી થતી ની. આંખની આસપાસના ભાગના કેન્સર કે લોહીના કેન્સર કે કિમોથેરાપી, સેક લીધેલા આંખ ઉપયોગી થઇ શકતી નથી. ઝેર પીધેલ વ્યકિતની આંખ પણ ઉપયોગી થઇ શકતો નથી. માત્ર નાની ઉંમરના તંદુરસ્ત વ્યકિત અને અકસ્માતમાં મૃત્યુ પામેલા પણ જેની આંખને ઇજા ન થઇ હોય તેવી આંખો ખુબ જ ઉપયોગી થાય છે. લેભાગુ સંસ્થાઓ પ્રચાર માટે ગમે તેવી આંખો સ્વીકારી લે છે તે ખરેખર બીનઉપયોગી જ હોય તેમ ડો.લાલાણી કહે છે.

યોગ્ય દાતાની આંખ લીધા બાદ તેને જંતુયુકત બોટલની અંદર તેમજ એમ.કે.મીડીયમમાં ડુબાડીને આઇસ બોકસમાં પેક કરી અને આંખની હોસ્પિટલને પહોંચાડવી જોઇએ. મૃત્યુના સમયથી છ કલાકમાં દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ થઇ જવી જોઇએ તો જ ૬૦ થી ૭૦ ટકા જેટલુ રીઝલ્ટ મેળવી શકાય છે. આ માટે દર્દીઓની આંખ સ્વીકારવા માટે ૧૦૮ પ્રકારની વિશિષ્ટ સુવિધાવાળી એમ્બ્યુલન્સો હોવી જોઇએ અને આ મૃત્યુની જાણ થાય કે તરત જ ઓપરેશનની તૈયારીઓ સાથે કરવી પડે અને માત્ર છ કલાકમાં જ આ બધી કાર્યવાહી પુરી કરવી જરૂરી હોય છે. જેથી બસમાં મોકલાતી સંસ્થાઓ ઉપર કાનૂની કાર્યવાહી કરવી જોઇએ અથવા તો પ્રતિબંધ મુકી દેવો જોઇએ તેમ ડો.લાલાણી જણાવે છે.

દરેક જીલ્લા લેવલે આંખની બેંકની સગવડતા તેમજ Endothelial Count માટે યોગ્ય માઇક્રોસ્કોપો, એમ.કે.મીડીયમ નિષ્ણાંત આંખના ડોકટરો, પેથોલોજીસ્ટ, ૧૦૮ પ્રકારની એમ્બ્યુલન્સોનું સક્ષમ નેટવર્ક દરેક જીલ્લા લેવલે હોવુ તાકીદનું જરૂરી છે. બ્લડ બેંકની જેમ જ આંખની બેંકમાં લાયસન્સ સિસ્ટમ અને ધારા-ધોરણો હોવા જરૂરી છે. (એક્રીડેશન) હૈદ્રાબાદમાં આ પ્રકારની આંખીં બેંકો ચાલે છે.

તબીબી ક્ષેત્રે ચાલતી મોટાભાગની સેવાભાવી સંસ્થાઓ યોગ્ય નિષ્ણાંત ડોકટરોની નિમણુંક કરતી નથી. સમારંભો માટે અને પ્રચાર માટે ખુબ જ પૈસા ખર્ચે છે. રાજકોટની બ્લડ બેંક પાસે નિષ્ણાંત પેથોલોજીસ્ટ હતા નહી જેને રકતકાંડની ઘટના બની. રાજકોટની ઘણી ટ્રસ્ટની લેબોરેટરીમાં ડોકટરનું નામ વેચાતુ લઇ ચલાવવામાં આવે છે. જે ડોકટર કયારેય આ લેબોરેટરીમાં જતા નથી. પરિણામે રકતકાંડો અને ચક્ષુકાંડોની ઘટનાઓ બને છે. તેમ ડો.લાલાણીએ જણાવ્યુ હતું.(૮-૧૫)

પંચનાથ વિસ્તારમાં વૃક્ષ કડડ કરતું તૂટી પડયું

રાજકોટ : શહેરના ધમધમતા પંચનાથ પ્લોટ વિસ્તારમાં રમેશભાઇ છાયા સ્કુલના પાછળના ભાગમાં રજકણ બિલ્ડીંગવાળી શેરીમાં આજે સવારે મોટુ વૃક્ષ મૂળમાંથી તૂટી પડેલ. સદભાગ્યે કોઇને ઇજા થઇ ન હતી પરંતુ જીઇબીના તારોનો ભૂકકો બોલી જતા મોટું નુકશાન થયું છે. (તસ્વીરઃ સંદિપ બગથરીયા)(૩.૨૨)

મોતીહારી ટ્રેન ૧૨ કલાક મોડી પડતા ૧૫ કોચની સ્પેશ્યલ ટ્રેન સેંકડો યાત્રાળુને લઇ અજમેરથી રાજકોટ આવી

ધોરાજીના મુસ્લિમ અગ્રણીઓની રજુઆત બાદ રેલ્વેના એ.સી.એમ.શ્રી ચૌધરીએ તુર્ત જ પ્રસંશનીય વ્યવસ્થા કરીઃ મુસાફરોને ૧૦૦% રિફન્ડ પણ અપાવ્યું

કોર્પોરેટરો પ્રજાનાં પ્રશ્નો ઉકેલે અને લોકવિકાસમાં ગ્રાન્ટ વાપરે : સલીમ લોટીયા

રાજકોટ તા. ૩ : પ્રજાએ જેમને પ્રતિનિધિ તરીકે ચૂંટીને મોકલ્યા છે તેવા કોર્પોરેટરોએ પોતાના મતવિસ્તારની સફાઇ, પાણી, લાઇટ, રસ્તા વગેરે જેવી સમસ્યાઓના ઉકેલ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ અને તેઓને મળતી ગ્રાન્ટનો ઉપયોગ લોકભોગ્ય યોજનાઓ માટે વાપરવી જોઇએ અને પ્રજાકીય કામોમાં વિલંબ કરનાર અધિકારીઓ સાથે કડક હાથે કામ લેવું જોઇએ. તેમ સામાજીક કાર્યકર સલીમભાઇ લોટીયાએ એક યાદીમાં જણાવ્યું છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે વોર્ડ નં. ૫ બેડીપરા સોળથંભી વિસ્તારની સામાજીક સંસ્થાઓએ અવાર-નવાર પ્રજાનાં પ્રશ્નોની રજુઆતો કરી છે પરંતુ છતાં કોર્પોરેટરો દ્વારા આ વિસ્તારનાં પ્રશ્નોનો ઉકેલ લાવવા સંનિષ્ઠ પ્રયાસો થતાં નથી. આજી નદીમાં ગંદા પાણીનું પ્રદૂષિણ દુર કરવું જરૂરી છે પરંતુ આ બાબતે તંત્રવાહકો નિરસ છે તે દુ:ખદ છે. તેમ નિવેદનનાં અંતે શ્રી લોટીયાએ જણાવ્યું છે.(૨૧.૨૮)